જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૩ /૦૧ / ૨૦૧૮ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૪/૧૮**

## બાપુનગર પોલીસ સ્ટેશન :

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓના ફરમાન મુજબ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૦૨ સાહેબનાઓએ રાખેલ પ્રોહી/જુગારની પ્રવૃતિ નેસ્ત નામુદ કરવા આપેલ સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ તથા મદદનીશ પો. કમિ. શ્રી "એચ" ડિવીઝનનાઓ તરફથી મળેલ સુચના આધારે આજરોજ તા.૦૨/૦૧/૧૮ ના રોજ ઇન્ચાર્જ પો.ઇન્સ.શ્રી સા. નાઓના માર્ગદર્શન હેઠળ અમો તથા સાથેનાં સર્વેલન્સ સ્કોર્ડનાં મ.સ.ઇ.માનાભાઇ ખાતુભાઇ બ.નં.૫૦૯૨ તથા બીજા સ્ટાફનાં માણસો સાથે મળી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અમોને નાઓની બાતમી હકીકત આધારે આરોપી :- દશરથભાઈ ઉર્ફે ભુરીયો સ/ઓ ચંદુજી ઠાકોર ઉ.વ.૩૬ રહે-નાથામંગલના છાપરા પન્ના એસ્ટેટ રોડ બાપુનગર અમદાવાદ શહેર નાઓએ તેના રહેણાંક છાપરામાંથી વગર પાસ પરમીટે ગે.કા.રીતે. ઇગ્લીશ દારૂનો જથ્થો રાખી વેચાણ કરતા છાપરામાંથી અલગ-અલગ જગ્યાએથી **"RITZ GOLD RESERVE WHISKY" 750ML ભરેલ કાચની બોટલ નંગ-૧૨૦ જેની કુલ્લે કી.રૂ.૬૦,૦૦૦/- ગણી શકાય તેની** સાથે આજરોજ તા.૦૨/૦૧/૧૭ ના કલાક ૧૬/૦૦ વાગે પકડી અટક કરી ઉપરોકત મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરી સદરી ઇસમને સદરી ઇગ્લીશ દારૂ ક્યાંથી લાવેલ તે બાબતે પુછતા સદરી ઇગ્લીશ દારૂ બાપુનગર મણીલાલ મથુરદાસની ચાલીમાં રહેતી અફસાનાબાનુ ઐજાજહુસેન અંસારી તથા પઠાણ નામનો વ્યક્તિ જેના પુરા નામની ખબર નથી જે અફસાનાબાનુ સાથે અવાર નવાર આવતો હોય તે તથા બાપુનગર ગાયત્રી એપાર્ટમેન્ટમાં રહેતો જાનુ ઉર્ફે જાનુ ઠુઠીયો તેની બોલેરો ગાડી જેનો નંબર ખબર નથી તેમા ભરી લાવી તેના ઘરમાં ઉતારી ગયેલ હોવાનું જણાવેલ હોય જેથી સદરી પકડાયેલ આરોપી તથા વોન્ટેડ આરોપીઓ વિરૂધ્ધમાં પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(એ)(ઇ),૮૧ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરેલ છે.

કાગડાપીઠ પોલીસ સ્ટેશન :

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા અધિક નાયબ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પ્રોહીની અસામાજીક પ્રવૃતિ અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.એસ.મોદી નાઓએ અત્રેના કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમા રહેતા અમિત ઉર્ફે ચિન્ટુ સન/ઓફ ઉપેન્દ્રભાઇ વ્યાસ ઉ૧.૨૮ રહે.ચુનારાવાસ રુગનાથપુરાની પીઠ રા.દ.બહાર અમદાવાદ શહેરનો પ્રોહીબિશનની અસામાજીક પ્રવૃતી સાથે સંકળાયેલ છે.જેની વિરુધ્ધમા અત્રેના પો.સ્ટે.ખાતે નીચે મુજબ પ્રોહીબિશનના કેસો દાખલ થયેલ છે.

કાગડાપીઠ પોલીસ સ્ટેશન

(૧) પ્રોહી ગુ.ર.નં.૫૦૩૪/૧૭ પ્રોહી કલમ ૬૬(બી) ૬૫(ઇ),૮૧ મુજબ ૨૪ લીટર દેશીદારૂ કિં.રૂ.૪૮૦/-

(૨) પ્રોહી ગુ.ર.નં.૫૩૫૦/૧૭ પ્રોહી કલમ ૬૬(બી) ૬૫(ઇ) મુજબ ૨૮ લીટર દેશીદારૂ કિં.રૂ.૫૬૦/-

ઉપરોક્ત ગુનામાં સદરી આરોપી વિરુધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી **મે.પોલીસ કમિશ્નરશ્રી સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે તેઓની કચેરીના ક્રમાંક/PCB/DTN/પાસા/૦૨/૧૮ તા.૦૧/૦૧/૨૦૧૮ અન્વયે સદરી પાસા અટકાયતીને "જામનગર" જેલ મોકલી આપવા હુકમ કરેલ.** જે હુકમ આધારે મજકુર પાસા અટકાયતીની વોચમા રહી મળી આવેથી અમો સમક્ષ રજુ કરવા સારુ તાબાના કર્મચારીઓને સુચના આપેલ. **જે સુચના આધારે તાબાના કર્મચારીઓ (૧) અ.પો.કો ધર્મેશભાઇ હિન્દુભાઇ બ.નં.૫૩૪૧ તથા (૨) અ.પો.કો.વિરેન્દ્રભાઇ બળદેવભાઇ બ.નં.૮૩૩૯ નાઓ સદરી પાસા અટકાયતીની વોચમા રહેલ જે દરમ્યાન મળી આવતા અત્રે લાવતા** આજરોજ તા.૦૨/૦૧/૨૦૧૮ ના કલાક ૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી "જામનગર" જેલ ખાતે પાસા અટકાયતી તરીકે રહેવા સારુ જરૂરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૦૨/૦૧/૨૦૧૮

**સુરક્ષા સેતુ રથ:**

રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.